# ॥ શ્રીમદ્ભગવદ્ગીતા શુદ્ધ ઉચ્ચારણ માર્ગદર્શિકા - સ્તર 4 ॥

## માહેશ્વર સૂત્ર

1. અઇઉણ્ ।
2. ઋઌક્ ।
3. એઓઙ્ ।
4. ઐઔચ્ ।
5. હયવરટ્ ।
6. લણ્ ।
7. ઞમઙણનમ્ ।
8. ઝભઞ્ ।
9. ઘઢધષ્ ।
10. જબગડદશ્ ।
11. ખફછઠથચટતવ્ ।
12. કપય્ ।
13. શષસર્ ।
14. હલ્ ।

**'પ્રત્યાહાર' -** શબ્દોની પસંદગી અથવા નિયમોમાં જ્યારે પણ કોઇ વિશેષ વર્ણ સમૂહોના પ્રયોગની આવશ્યકતા હોય છે ત્યારે તે વર્ણોને માહેશ્વર સૂત્રોથી પ્રત્યાહાર બનાવી સંક્ષેપમાં લેવામાં આવે છે. પ્રત્યાહાર એટલે સંક્ષિપ્ત નિવેદન. શરૂઆતના અક્ષર અને છેલ્લા અક્ષરને જોડીને પ્રત્યાહાર બને છે.

**ઉદા.- 'અચ્'** પ્રત્યાહાર પ્રથમ માહેશ્વર સૂત્ર 'અઇઉણ્' ના આદિ વર્ણ 'અ' ને ચતુર્થ સૂત્ર 'ઐઓચ્' ના અન્તિમ વર્ણ 'ચ્' થી યોગ કરાવવા પર 'અચ્' પ્રત્યાહાર બને છે. આમ 'અચ્' પ્રત્યાહારથી 'અ, ઇ, ઉ, ઋ, લ એ ઐ ઓ ઔ' આ વર્ણોનુ ગ્રહણ થાય છે.

## સન્ધિ-નિયમ

જ્યારે બે વર્ણો ભેગા થાય છે ત્યારે સન્ધિ થાય છે. જો એકસાથે આવતા અક્ષરો સ્વર હોય, તો તે સ્વરસન્ધિ; વ્યઞ્જન પછી વ્યઞ્જન હોય તો તે વ્યઞ્જન સન્ધિ; અનુસ્વાર પછી અનુસ્વાર હોય તો તે અનુસ્વાર સન્ધિ અને જો વિસર્ગ હોય તો તે વિસર્ગસન્ધિ થાય છે. જ્યારે સન્ધિ થાય છે, ત્યારે એક સાથે આવતા બંને વર્ણોમાંથી એક અથવા ઘણી વખત બંનેમાં ફેરફાર થાય છે.

### વ્યઞ્જન અથવા હલ્ સન્ધિ-

વ્યઞ્જન સાથે વ્યઞ્જનનો મેળાપ થવા પર જ્યારે ફેરફાર થાય છે તેને વ્યઞ્જન સન્ધિ કહે છે. વ્યઞ્જન સન્ધિને સંસ્કૃતમાં હલ્ સન્ધિ પણ કહેવામાં આવે છે. તેના ઘણા પ્રકાર છે.

## 1. શ્ચુત્વ સન્ધિ-

- **સ્તોઃ શ્ચુના શ્ચુઃ (स्तोः श्चुना श्चुः।)** - સકાર અને તવર્ગ (ત્, થ્, દ્, ધ્, ન્) નો શકાર અને ચ વર્ગ (ચ્, છ્, જ્, ઝ્, ઞ્) સાથે યોગ થાય ત્યારે, સકાર અને ત વર્ગના સ્થાને ‘શકાર’ અને ચવર્ગ થાય. સંયોગમાં, સકાર, ત વર્ગ અને શકાર, ચ વર્ગના વર્ણોનો ક્રમ આગળ પાછળ થઈ શકે છે પરંતુ ફેરફાર ફક્ત સકાર અને ત વર્ગની જગ્યાએ જ થશે.

  ઉદા. મનસ્ + ચઞ્ચલમ્ = મનશ્ચઞ્ચલમ્ (6/26), યુન્ + જીત = યુઞ્જીત (6/10), યદ્ + જ્ઞાત્વા = યજ્જ્ઞાત્વા (4/16)

| એકત્ર અવવાવાળા બે વ્યઞ્જનો | | સ્ અને ત વર્ગનું પરિવર્તિત રૂપ |
|---|---|---|
| સ્ | શ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્ | શ્ |
| ત્ | | ચ્ |
| થ્ | | છ્ |
| દ્ | | જ્ |
| ધ્ | | ઝ્ |
| ન્ | | ઞ્ |

(નોટ ક્ષ = ક્ + ષ, ત્ર = ત્ + ર તથા જ્ઞ = જ્ + ઞ જ્યાં હોય છે, ત્યાં તેમાં ક્રમશઃ ક્, ત્ અને જ્ ના સમ્બન્ધિત નિયમ જ લાગૂ થાય છે.)

## 2. ષ્ટુત્વ સન્ધિ –

- **ષ્ટુના ષ્ટુઃ (ष्टुना ष्टुः।)** - સકાર અથવા તવર્ગ (ત્, થ્, દ્, ધ્, ન્) નો ષકાર, અથવા ટ વર્ગ (ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્) સાથે યોગ હોય તો, સકાર અને તવર્ગની જગ્યાએ ષકાર અને ટવર્ગ થાય. સંયોગમાં, સકાર, ત વર્ગ અને ષકાર, ટવર્ગના વર્ણોનો ક્રમ આગળ પાછળ થઈ શકે છે પરંતુ ફેરફાર ફક્ત સકાર અને તવર્ગની જગ્યાએ જ થશે.

  ઉદા. - દૃષ્ + તિઃ = દૃષ્ટિઃ (2/16), સૃષ્ + ત્વા = સૃષ્ટ્વા (3/10), પ્રનષ્+ત: = પ્રનષ્ટ: (18/72)

| એકત્ર આવવાવાળા બે વ્યઞ્જનો | | સ્ અને ત વર્ગનું પરિવર્તિત રૂપ |
|---|---|---|
| સ્ | ષ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્ | ષ્ |
| ત્ | | ટ્ |
| થ્ | | ઠ્ |
| દ્ | | ડ્ |
| ધ્ | | ઢ્ |
| ન્ | | ણ્ |

## 3. ચર્ત્વ સન્ધિ –

- **ખરિ ચ (खरि च।)** – વર્ગોના પ્રથમ, દ્વિતીય વર્ણ તેમજ શ, ષ, સ (ખર્/કઠોર વ્યઞ્જન) પછી હોય તો વર્ગોના પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ વર્ણ અને શ, ષ, સ, હ (ઝલ્) નુ પરિવર્તન ક ચ ટ ત પ શ ષ સ (ચર્) માં થઈ જાય છે.

  ઉદા. - હૃદ્ + સ્થમ્ = હૃત્સ્થમ્ (4/42), તદ્ + કુરુષ્વ = તત્કુરુષ્વ (9/27), છિદ્ + ત્વા = છિત્ત્વા (4/42)

- **વાડવસાને (वाऽवसाने।)** – અવસાનમાં (એટલે કે, પદના અન્તે વર્ગોના પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ વર્ણ તેમજ શ, ષ, સ, હ (ઝલ્) ના વિકલ્પથી ક ચ ટ ત પ શ ષ સ (ચર્) થઈ જાય છે.

  ઉદા. - સુહૃદ્ = સુહૃત્ (9/18), વાગ્ = વાક્, ઉપનિષદ્ = ઉપનિષત્, ભગવદ્ = ભગવત્

## 4. જશ્ત્વ સન્ધિ –

- **ઝલાં જશ્ ઝશિ (झलां जश् झशि।)** - પાંચે વર્ગોના પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા ચતુર્થ વર્ણ (કોઈપણ મૃદુવ્યઞ્જન) અથવા સ્વરના પહેલા આવે છે તો તે તેના જ વર્ગના તૃતીય વર્ણ (ગ્, જ્, ડ્, દ્, બ્) માં પરિવર્તિત થઈ જાય છે.

  ઉદા.- લભ્ + ધ્વા = લબ્+ધ્વા = લબ્ધ્વા (4/39), બોધ્ + ધવ્યમ્ = બોદ્ + ધવ્યમ્ = બોદ્ધ્વ્યમ્ (4/17), યુધ્ + ધ = યુદ્ધ (2/37)

## 5. ધત્વ સન્ધિ –

- **ઝષસ્તથોર્ધોડધઃ (झषस्तथोर्धोऽधः।)**- વર્ગોના ચતુર્થ વર્ણ પછી જો ત્ અથવા થ્ હોય તો તે ધકારમાં પરિવર્તિત થાય છે. (આ સન્ધિ પછી જશત્વ સન્ધિ થવાથી પૂર્વવર્ણ તેના તૃતીય વર્ણમાં પરિવર્તિત થઈ જાય છે.)

| આગળના વર્ણ | પાછળના વર્ણ | પરિવર્તિત રૂપ |
|---|---|---|
| ઘ્ | | ગ્ધ્ |
| ઝ્ | | જ્ધ્ |
| ઢ્ | ત્/થ્ | ડ્ધ્ |
| ધ્ | | દ્ધ્ |
| ભ્ | | બ્ધ્ |

ઉદા. - બોધ્ + તવ્યમ્ = બોદ્ + ધવ્યમ્ = બોદ્ધ્વ્યમ્ (4/17), રુધ્ + ત્વા= રુદ્ + ધ્વા = રુદ્ધ્વા (4/29)

## 6. ષત્વ સન્ધિ –

- **વ્રશ્ચભ્રસ્જસૃજમૃજયજરાજભ્રાજચ્છશાં ષઃ** - પદના અન્તમાં હોવા થી અથવા 'ઝલ્' પછી રહેવાથી, વ્રશ્ચ આદિ સાત ધાતુઓં તથા છકારાન્ત અને શકારાન્ત ધાતુઓંના અંતિમ વર્ણના સ્થાન પર 'ષકાર' આદેશ થાય છે.

  ઉદા.- દૃશ્ ધાતુથી દૃષ્ અને દૃષ્ટિ આ જ સૂત્રના કારણે બને છે.

- **આદેશપ્રત્યયયોઃ** - જો કોઈ પૂર્વ આદેશને કારણે 'સ્' થયો હોય અથવા તો પ્રત્યયમાં 'સ્' હોય તથા તેના પહેલા 'ઇણ્' (ઇ,ઉ) અથવા 'કવર્ગ' હોય તો 'સકાર' ને 'ષકાર' આદેશ થાય છે.

  ઉદા. - ભોક્ + સ્યસે = ભોક્ + ષ્યસે = ભોક્ષ્યસે (2/37), હનિ + સ્યે = હનિ + ષ્યે = હનિષ્યે (16/14)

## 7. કત્વ સન્ધિ –

- **ષઢોઃ કઃ સિ** – 'સ' પછી હોવા પર 'ષ' અને 'ઢ' નો 'ક' થઈ જાય છે.

  ઉદા. – વિનંષ્ + ષ્યસિ = વિનંક્ + ષ્યસિ = વિનઙ્ ક્ + ષ્યસિ = વિનઙ્ ક્ષ્યસિ (18/58)

## 8. કુત્વ સન્ધિ –

- **ચોઃ કુઃ** - પદના અન્તમા આવેલા ચવર્ગના કોઈપણ વર્ણ તેની સામે અન્તઃસ્થ અને અનુનાસિક છોડી કોઈપણ વર્ણ હોય અથવા કઈપણ ન હોય તો ક્રમશઃ તે કવર્ગમાં પરિવર્તિત થઈ જાય છે.

| પૂર્વવર્ણ | ઉત્તરવર્ણ | પરિવર્તિત રૂપ |
| --- | --- | --- |
| ચ્ | પ્રથમ દ્વિતીય, તૃતીય, ચતુર્થ વર્ણ શ, ષ, સ, હ, અવસાન | ક્ |
| છ્ | | ખ્ |
| જ્ | | ગ્ |
| ઝ્ | | ઘ્ |

ઉદા. - મુચ્ + તઃ = મુક્તઃ (5/28)

## 9. તુગાગમ સન્ધિ –

- **છે ચ –** હ્રસ્વ સ્વર પછી 'છ' હોય તો છકારની પહેલા 'ત્' આગમ થાય છે અને તેના પછી શ્ચુત્વ સન્ધિથી તે તકારનો ચકારમાં પરિવર્તન થઇ જાય છે.

  ઉદા. - કૃષ્ણ + છેત્તુમ્ = કૃષ્ણ + ત્ + છેત્તુમ્ = કૃષ્ણ + ચ્ + છેત્તુમ્ = કૃષ્ણચ્છેત્તુમ્ (6/39)

- **પદાન્તાદ્વા –** પદાન્તના દીર્ઘ સ્વર બાદ 'છ' હોય તો 'ત્' નો આગમ વિકલ્પે થાય છે.
  ઉદા. ગાયત્રી + છન્દસામ્ = ગાયત્રીચ્છન્દસામ્ અથવા ગાયત્રી છન્દસામ્ (10/35)

## 10. ઙમુડાગમ સન્ધિ –

- **ઙમો હ્રસ્વાદચિ ઙમુણ્નિત્યમ્ –** કોઈપણ હ્રસ્વ પછી જો ઙ્, ણ્ અથવા ન્ હોય અને તેના પછી કોઈપણ સ્વર હોય તો 'ઙ્, ણ્ અને ન્' નો ક્રમશઃ દ્વિત્વ થઇ જાય છે.
  ઉદા. કુર્વન્ + અપિ = કુર્વન્નપિ (5/7), સન્ + અવ્યયાત્મા = સન્નવ્યયાત્મા (4/6), પ્રહસન્ + ઇવ = પ્રહસન્નિવ (2/10)

## 11. રુત્વ સન્ધિ -

- **નશ્છવ્યપ્રશાન્ –** પદાન્ત 'નકાર' પછી જો ચ્, છ્, ટ્, ઠ્, ત્ અથવા થ્ આ વર્ણો આવે છે અને તેના પછી કોઇપણ સ્વર, હ્, ય્, વ્, ર્, લ્, ઙ્, ઞ્, ણ્, ન્ હોય તો 'નકાર' 'સ્, શ્, ષ્'માં બદલાઈ જાય છે અને તેના પૂર્વવર્ણ ઉપર અનુસ્વાર કરવામાં આવે છે.
  (નકાર + ત્, થ્ = સકાર; નકાર + ચ્, છ્ = શકાર; નકાર + ટ્, ઠ્ = ષકાર)
  ઉદા. - વિદ્વાન્ + તથા = વિદ્વાંસ્ + તથા = વિદ્વાંસ્તથા (3/25); ગતાસૂન્ + ચ = ગતાસૂંશ્ચ (2/11); પ્રજ્ઞાવાદાન્ + ચપ્રજ્ઞાવાદાંશ્ચ (2/11)

## 12. અનુસ્વાર સન્ધિ -

- **મોઽનુસ્વારઃ -** પદાન્તે આવેલા 'મકાર' નો અનુસ્વાર થઇ જાય છે, જ્યારે તેનાં પછી કોઇ વ્યઞ્જન આવ્યો હોય.

  ઉદા. - હર્ષમ્ + કુરુવૃદ્ધઃ = હર્ષં કુરુવૃદ્ધઃ (1/12); શઙ્ખમ્ + દધ્મૌ = શઙ્ખંદધ્મૌ (1/12)

- **નશ્ચાપદાન્તસ્ય ઝલિ –** અપદાન્ત 'નકાર' અને 'મકાર' નું અનુસ્વારમાં પરિવર્તન થાય છે જ્યારે તેના પછી વર્ગોના પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ વર્ણ અથવા શ, ષ, સ, હ, (ઝલ્) હોય.
  ઉદા. - વાસાન્ + સિ = વાસાંસિ(2/22)

## 13. અનુનાસિક સન્ધિ -

- **યરોઽનુનાસિકેઽનુનાસિકો વા –** જો પાંચ વર્ગના પ્રથમ ચાર વ્યઞ્જનમાંથી કોઈપણ વ્યઞ્જન પદાન્તે હોય અને તે પછી કોઈપણ અનુનાસિક વ્યઞ્જન આવે તો તે વ્યઞ્જન તે વર્ગના અનુનાસિકમાં રૂપાંતરિત થાય છે.

  ઉદા. - વાક્ + મનોભિર્યત્ = વાઙ્મનનોભિર્યત્ (18/15); ષટ્ + માસા = ષણ્માસા (8/24), જગત્ + નિવાસ = જગન્નિવાસ (11/37)

| પૂર્વવર્ણ | ઉત્તરવર્ણ | પ્રથમ વર્ણના સ્થાન પર પરિવર્તન |
|---|---|---|
| ક વર્ગ | | ઙ્ |
| ચ વર્ગ | | ઞ્ |
| ટ વર્ગ | ઙ્, ઞ્, ણ્, ન્, મ્ | ણ્ |
| ત વર્ગ | | ન્ |
| પ વર્ગ | | મ્ |

## 14. પરસવર્ણ સન્ધિ -

- **અનુસ્વારસ્ય યયિ પરસવર્ણ: -** અનુસ્વાર પછી જો કોઈપણ વર્ગીય વ્યઞ્જન આવે તો તે અનુસ્વાર આવેલ વ્યઞ્જનના વર્ગના અનુનાસિકના રૂપમાં પરિવર્તિત થઈ જાય છે.

  ઉદા. – સં + મૂઢઃ = સમ્મૂઢઃ (૫/૨૦), યું + જન્ = યુઞ્જન્ (૬/૨૮)

- **વા પદાન્તસ્ય –** ઉપર નિર્દેશ કરેલો નિયમ પદાન્ત અનુસ્વારના વિષયમાં વૈકલ્પિક છે, એટલે કે પદાન્તના અનુસ્વારનું અનુનાસિકમાં પરિવર્તન વિકલ્પથી થાય છે.

  ઉદા. = માં + પશ્યતિ = માં પશ્યતિ/મામ્પશ્યતિ (3/3૦)

- **તોર્લિ –** 'તવર્ગ' પછી જો 'લકાર' હોય તો તે 'તવર્ગ'ના વર્ણનો પરસવર્ણ થશે.

  ઉદા. - શ્રુતિમત્ + લોકે = શ્રુતિમલ્લોકે (13/13); શ્રદ્ધાવાન્ + લભતે = શ્રદ્ધાવાલ્લઁભતે (4/39)

## 15. પૂર્વસવર્ણ સન્ધિ -

- **ઝયો હોઽન્યતરસ્યામ્ –** પાંચ વર્ગના પ્રથમ ચાર વ્યઞ્જન પછી હકાર આવે તો હકાર પૂર્વવ્યઞ્જનના વર્ગના ચતુર્થ વ્યઞ્જનમાં પરિવર્તિત થઈ જાય છે, આ નિયમ વૈકલ્પિક છે.

| પ્રથમ વર્ણ | દ્વિતીય વર્ણ | દ્વિતીય વર્ણના સ્થાન પર પરિવર્તન |
|---|---|---|
| ક વર્ગ | | ઘ્ |
| ચ વર્ગ | | ઝ્ |
| ટ વર્ગ | હ્ | ઢ્ |
| ત વર્ગ | | ધ્ |
| પ વર્ગ | | ભ્ |

ઉદા. - એતદ્ + હિ = એતદ્ધિ (6/42)

- **શશ્છોટી –** પાંચેય વર્ગોના પ્રથમ ચાર વ્યઞ્જનોમાંથી કોઈપણ વ્યઞ્જન પછી જો ‘શકાર’ આવે છે અને તેના પછી કોઈપણ સ્વર અથવા હ્, ય્, વ્, ર્ આવે તો ‘શકાર’નો ‘છકાર’માં પરિવર્તન થઇ જાય છે, આ નિયમ વૈકલ્પિક છે.
  ઉદા. - એતય્ + શ્રુત્વા = એતચ્છ્રુત્વા (11/35), તસ્માત્ + શાસ્ત્રમ્ = તસ્માચ્છાસ્ત્રમ્ (૧૬/૨૪)

## ॥ દ્વિત્વ (આઘાત) નિયમ ॥

દ્વિત્વ આદિ નિયમોંનું પાલન ભગવદ્ગીતાની દૃષ્ટિ એ ઉપયુક્ત સાથે ઉચ્ચારણને વધુ ઉત્તમ અને સરળ બનાવે તેવા સ્વીકૃત નિયમો નીચે આપેલ છે. -

## મૂલ દ્વિત્વ નિયમ - અનચિ ચ સ્વરાત્ સંયોગાદિર્દ્વિરુચ્યતે સર્વત્ર

જ્યારે સ્વર પછી સંયુક્ત અક્ષર આવે છે, ત્યારે સંયુક્ત અક્ષરમાં પ્રથમ અક્ષરનું દ્વિત્વ પાણિનીય વ્યાકરણના 'અનચિ ચ' (अनचि च।) સૂત્ર અને પાણિનીય શિક્ષણના 'સ્વરાત્ સંયોગાદિર્દ્વિરુચ્યતે સર્વત્ર’ (स्वरात् संयोगादिर्द्विरुच्यते सर्वत्र।) સૂત્રને કારણે છે. આ ઉત્સર્જન નિયમ છે, જેનો ઉપયોગ અપવાદ સિવાય દરેક જગ્યાએ થાય છે.

### આ નિયમમાં કેટલાક અપવાદો છે જે નીચે મુજબ છે.

### 1. પરં તુ રેફહકારાભ્યામ્ -

જો સંયુક્ત વર્ણમાં પહેલો અક્ષર રેફ અથવા હકાર હોય તો તેનું દ્વિત્વ થતું નથી.
ઉદા. પર્યુપાસતે, ગુહ્યતમમ્ ***पाणिनीयशिक्षा***

### 2. (ન) સવર્ણે -

સંયુક્ત વર્ણોમાંના બંને વર્ણો જો એકસરખા હોય તો ત્યાં સ્વાભાવિક રીતે જ દ્વિત્વ થાય છે, તેથી વધારાના દ્વિત્વની જરૂર નથી. ***प्रातिशाख्य***
ઉદા. ઉત્સન્ન, મય્યાવેશ્ય

### 3. જ્યારે સંયુક્ત વર્ણમાં બે થી વધુ વર્ણોનો સંયોગ હોય. ***पाणिनीयशिक्षा***

ઉદા. કૃત્સ્નમ્, ભક્ત્યા, મૂર્ધ્ન્યા

### 4. પ્રથમૈર્દ્વિતીયાસ્તૃતીયૈશ્ચતુર્થાઃ -

સંયુક્ત વર્ણમાં પાંચેય વર્ગના બધા વર્ણો (સ્પર્શ વર્ણો) નુ દ્વિત્વ કરવામાં દ્વિતીય વર્ણની પહેલા પ્રથમ વર્ણનો અને ચતુર્થ વર્ણની પહેલા તૃતીય વર્ણનો પ્રયોગ કરવામાં આવે છે.
ઉદા. – જિઘ્રન્ = જિ(ગ્)ઘ્રન્ ***पाणिनीयशिक्षा***

# શબ્દાવલી

- **આદેશ–** કોઇ વર્ણને હટાવી જ્યારે કોઇ બીજો વર્ણ શત્રુની જેમ તેના સ્થાન પર આવી બેસે છે તેને આદેશ કહેવામાં આવે છે. ઉદા યદિ + અપિ = યદ્યપિ અહીં 'ઇ' ના સ્થાન પર 'ય્' નો આદેશ થયો છે. (શત્રુવદાદેશ:)
- **આગમ –** કોઇ વર્ણની સાથે જ્યારે બીજો વર્ણ મિત્રની જેમ પાસે આવી બેસી જાય અને તેની સાથે સંયુક્ત થઇ જાય છે ત્યારે તે આગમ કહેવાય છે. ઉદા - કૃષ્ણ + છેત્તુમ્ = કૃષ્ણચ્છેત્તુમ અહી 'કૃષ્ણ'ના 'ણ' અને 'છેત્તુમ'ના 'છ'ના મધ્યમાં 'ચ્' નો આગમ થયો છે. (મિત્રવદાગમ:)
- **લોપ –** બે વર્ણોની સન્ધિનાં સમયે કોઇ વર્ણને હટાવી દેવાની પ્રક્રિયાને લોપ કહેવાય છે.
- **પ્રકૃતિભાવ –** જ્યારે બે વર્ણોના સન્ધિ સમયે આદેશ, આગમ કે લોપની સ્થિતિ નથી થતી, પદોંની પૂર્વવત સ્થિતિ જ રહે છે, તેને પ્રકૃતિભાવ કહે છે.
- **પ્રત્યય –** જે વર્ણ અથવા વર્ણ સમુહનું સ્વતંત્ર અસ્તિત્વ હોતું નથી પણ તે કોઇ શબ્દ પછી જોડાવાથી તે શબ્દના અર્થમાં પરિવર્તન કરી દે છે, તેને પ્રત્યય કહેવાય છે. પ્રત્યય પાંચ પ્રકારના હોય છે સુપ, તિઙ્, કૃત્, તદ્ધિત અને સ્ત્રી પ્રત્યય.
- **ઉપસર્ગ –** એવા શબ્દ જે કોઇ ધાતુના પૂર્વે જોડાઇ તેના અર્થમાં પરિવર્તન કરી દે છે અથવા તેના અર્થની પુષ્ટિ કરતે છે, તેને ઉપસર્ગ કહેવાય છે. ઉદા. હાર શબ્દનો અર્થ છે પરાજય; તેની સાથે વિભિન્ન ઉપસર્ગ જોડાઇ અનેક અલગ અલગ અર્થના શબ્દો સિદ્ધ થાય છે -

1. પ્ર + હાર = પ્રહાર; 2. સમ્ + હાર = સંહાર (વિનાશ); 3. વિ + હાર = વિહાર (ફરવું)

સંસ્કૃતમાં કુલ 22 ઉપસર્ગ છે. - પ્ર પરા, અપ, સમ, અનુ, અવ, નિસ્, નિર્, દુસ્, દુર્, વિ, આઇ, નિ, અધિ, અપિ, અતિ સુ, ઉત્, અભિ પ્રતિ પરિ, ઉપ.

## કઠોર મૃદુ વ્યઞ્જન અને અનુનાસિક –

| કઠોર વ્યઞ્જન | | મૃદુ વ્યઞ્જન | | અનુનાસિક |
|---|---|---|---|---|
| ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ્ |
| ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ |
| ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ |
| ત્ | થ્ | દ્ | ધ્ | ન્ |
| પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ |
| શ્, ષ્, સ્ | | ય્, ર્, લ્, વ્, હ્ | | યઁ, લઁ, વઁ |

# સામાન્ય સંસ્કૃત

સંસ્કૃતમાં કારક અને ક્રિયાના પરિચયથી સામાન્ય વાક્યોંની રચના કરવામાં આવી શકે છે. સંસ્કૃતમાં વાક્ય રચના માટે સર્વપ્રથમ ક્રિયાને (કોઈપણ કાર્ય) જોવામાં આવે છે. નઅને તે ધાતુરૂપના માધ્યમથી વ્યક્ત કરવામાં આવે છે. ધાતુરૂપનો પ્રયોગ ક્રિયા કરવાવાળા વ્યક્તિઓની સંખ્યા અને પુરુષ પ્રમાણે થાય છે.

સંસ્કૃતમાં 6 કારક હોય છે. કર્તા (ક્રિયા કરવાવાળો) કોણ છે, તેના પછી કર્મ (કર્તાને ક્રિયા માટે શું ઇષ્ટ છે), કરણ (જેના દ્વારા ક્રિયા થઈ રહી છે), સમ્પ્રદાન (જેને કઈક દેવામાં આવી રહ્યું છે), અપાદાન (વિભાગ થવાની ક્રિયામાં જે સ્થિર છે), અધિકરણ (એ ક્રિયા જે સ્થાન પર થઈ રહી છે). પ્રત્યેક શબ્દને તેના કારકના અનુસાર વિભક્તિ આપવામાં આવે છે. વાક્યરચનાના ઉદ્દેશ્ય થી કેટલાક આધારભૂત નિયમોનો અહી નિર્દેશ કર્યો છે.-

સંસ્કૃતમાં લિગોના આધારે શબ્દોનું વિભાજન થાય છે. શબ્દોનાં રૂપ, તેનું લિગ અને અંતિમ વર્ણના આધારે પરિવર્તન થાય છે. રામ, શ્યામ, અનુરાગ વગેરે શબ્દોના રૂપ એકસમાન રહેશે. એજ પ્રમાણે મતિ, ગતિ, રતિના નિયમો તેમજ જગત્ મનસ્ વગેરે શબ્દોના નિયમો એકસરખા રહેશે. પુલ્લિંગ રામ શબ્દ અને અમુક સામાન્ય ધાતુઓને લઈ આપણે એક ઉદાહરણ જોઈએ. -

## 'અકારાન્ત પુલ્લિંગ રામ શબ્દ'

| વિભક્તિ | કારક | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| **પ્રથમા** | કર્તા | રામઃ | રામૌ | રામાઃ |
| **દ્વિતીયા** | કર્મ | રામમ્ | રામૌ | રામાન્ |
| **તૃતીયા** | કરણ | રામેણ | રામાભ્યામ્ | રામૈઃ |
| **ચતુર્થી** | સમ્પ્રદાન | રામાય | રામાભ્યામ્ | રામેભ્યઃ |
| **પંચમી** | અપાદાન | રામાત્ | રામાભ્યામ્ | રામેભ્યઃ |
| **ષષ્ઠી** | સમ્બન્ધ | રામસ્ય | રામયોઃ | રામાણામ્ |
| **સપ્તમી** | અધિકરણ | રામે | રામયોઃ | રામેષુ |
| **સમ્બોધન** | સમ્બોધન | હે રામ! | હે રામૌ! | હે રામાઃ |

થોડી પ્રસિદ્ધ ધાતુઓ:

1. ગચ્છતિ - જાય છે.
2.ક્રીડતિ - રમે છે.
3.ખાદતિ - ખાય છે.
4. પઠતિ – વાંચે છે.
5. વદતિ – બોલે છે.
6. ચલતિ – ચાલે છે.

બધી ધાતુઓનો **પઠ્ ધાતુના લટ્ લકાર** (વર્તમાન કાળની ક્રિયા) ના રૂપનો અહી નિર્દેશ આપવામાં આવ્યો છે. -

| પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| **પ્રથમ પુરુષ** | પઠતિ | પઠતઃ | પઠન્તિ |
| **મધ્યમ પુરુષ** | પઠસિ | પઠથઃ | પઠથ |
| **ઉત્તમ પુરુષ** | પઠામિ | પઠાવઃ | પઠામઃ |

સંસ્કૃતમાં ક્રિયાપદના ત્રણ રૂપ ત્રણ (પ્રથમ પુરુષ, મધ્યમ પુરુષ, ઉત્તમ પુરુષ) આ પ્રમાણે હોય છે. કોઈ બીજી વ્યક્તિ માટે પ્રથમ પુરુષ, 'તમે' માટે મધ્યમ પુરુષ અને સ્વ માટે ઉત્તમ પુરુષનો પ્રયોગ કરવામાં આવે છે. આ નિયમોને ધ્યાનમાં રાખી થોડા વાક્ય ઉદાહરણ રૂપે આપેલા છે:

| | | | |
|---|---|---|---|
| **1.** રામઃ ગચ્છતિ। | 1. રામઃ પશ્યતિ। | 1. રામઃ પઠતિ। | 1. રામઃ વદતિ। |
| **2.** ત્વં ગચ્છસિ। | 2. ત્વં પશ્યસિ। | 2. ત્વં પઠસિ। | 2. ત્વં વદસિ। |
| **3.** અહં ગચ્છામિ। | 3. અહં પશ્યામિ। | 3. અહં પઠામિ। | 3. અહં વદામિ। |

**બધી વિભક્તિઓના થોડા ઉદાહરણો:**

1. રામઃ ગચ્છતિ (રામ જાય છે.) રામઃ (પ્રથમા - કર્તા)
2. રામઃ ગ્રામં ગચ્છતિ (રામ ગામમાં જાય છે.) ગ્રામં (દ્વિતીયા - કર્મ)
3. રામઃ કલમેન લિખતિ (રામ કલમથી લખે છે.) કલમેન (તૃતીયા - કરણ)
4. રામઃ કૃષ્ણાય ફલં દદાતિ (રામ કૃષ્ણને ફૂલ આપે છે.) કૃષ્ણાય (ચતુર્થી - સમ્પ્રદાન)
5. રામઃ ગ્રામાત્ આગચ્છતિ (રામ ગામમાંથી આવે છે.) ગ્રામાત્ (પઞ્ચમી - અપાદાન)
6. રામસ્ય પુત્રઃ કુશઃ (રામનો પુત્ર કુશ છે.) રામસ્ય (ષષ્ઠી - સમ્બન્ધ (સમ્બન્ધ કારકોમાં નથી આવતું)
7. રામઃ વિદ્યાલયે પઠતિ (રામ વિદ્યાલયમાં ભણે છે.) વિદ્યાલયે (સપ્તમી - અધિકરણ)

**||ઇતિ ||**

***ગીતા પરિવારના સાહિત્યનો ઉપયોગ કોઈ અન્ય સ્થાન પર કરવા માટે પૂર્વાનુમતિ આવશ્યક છે. અનુમતિ માટે તમારું પૂર્ણ પ્રયોજન (કારણ) consent@learngeeta.com પર અમને લખી મોકલશો.***